| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૧–૦૧–૨૦૧૩ |
| નોંધણી તારીખ | ૧૧–૦૧–૨૦૧૩ |
| ફેંસલ તારીખ | 01/01/2025 |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

**મે. ૨૨ માં એડી.ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૭, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– ૭૧/૨૦૧૩

આંક :– ૧૬

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી:–**

**1) VIJAY NARANBHAI PATTANI (એબેટ)**
Address - 6265, MOHANNAGAR, AMTS BUS STAND NO. 137 NI BAJU MABAPUNAGAR,AHMEDABAD

**2) HIREN @ LALO MANSUKHBHAI VEKARIYA**
Address -383, DIAMOND PARK SOCIETY, RATANPARK PASE, UTTAMNAGAR ROADNIKOL ROADODHAV,AHMEDABAD

**એ ડ વો કે ટ સ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી પી.ડી.પંડયા
આરોપી પક્ષે વિ.વ.શ્રી એસ.એન ગોંડલીયા

**ગુનો :– ઈ.પી કો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ**

**'' જ જ મે ન્ટ ''**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૨ નાએ તા.૨૫/૧૧/૧૨ ના કલાક ૮/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે ફરીયાદીએ મુકેલ પોતાનુ ધબા ભરતની મીકચર મશીન રામોલ જામફઈ વાળી કામધેનુ સોસાયટી સામે ખુલ્લા મેદાનમાં મુકેલ જે ચોરી કરી લઈ જઈ આરોપી નં. ૧ નાએ સદર મશીન ચોરીનુ હોવાની જણવ છતા પોતે નં.૨ પાસેથી ખરીદી કરી એકબીજાની મદદગારી કરી **ઈ.પી કો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ**ગુનો કરેલ છે. તે મતલબની ફરીયાદ ફરીયાદીએ આપતા સદર ગુનો રામોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતા, આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ અન્વયે પુરી પાડવામા આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી થયા બાદ આરોપીઓ સામે આંક–03 થી તહોમતનામુ ફરમાવી, આરોપીઓની ગુના સબબે પ્લી આંકઃ 04,05 થી દ્વારા નોંધવામાં આવતા ગુનો કબુલ નહી હોવાનુ જણાવેલ છે

જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે મારી સમક્ષ નીચે મુજબના લેખિત તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવાક**

| | |
|---|---|
| **આંક– ૦૬ થી** | **સરવેન્દ્ર કુમાર રામદાસ રાઠોડ ની જુબાની** |
| **આંક–૦૭ થી** | **સાહેદ કિશોરભાઈ વિશ્વનાથ મરાઠી ની જુબાની** |
| **આંક–૦૮થી** | **સાહેદ રામનાથ પ્યારેલાલ રાઠોડ ની જુબાની** |
| **આંક–૦૯ થી** | **સાહેદ સુનીલ ગંગારામ રાઠોડ ની જુબાની** |
| **આંક–૧૦ થી** | **પંચનામુ** |
| **આંક–૧૧ થી** | **આરોપી નં. ૧ નો મરણ સર્ટી** |
| **આં–૧૨ થી** | **સાહેદ શ્યામભાઈ કેશવભાઈ બડગુજર ની જુબાની** |
| **આંક–૧૩ થી** | **પંચનામુ** |
| **આંક–૧૪ થી** | **પી.સી.નીલેષકુમાર કરશનભાઈ ની જેબાની** |
| **આંક–૧૫ થી** | **ફરીયાદ** |

આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

**(૪)** ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા સદર કેસમાં આરોપીઓ વિરૂધ્ધ ક્રિ.પ્રો કોડની કલમ ૨૯૯ મુજબ ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો હુકમ થયેલ જેથી આરોપીઓ નુ વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૨ નાએ તા.૨૫/૧૧/૧૨ ના કલાક ૮/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે ફરીયાદીએ મુકેલ પોતાનુ ધબા ભરતની મીકચર મશીન રામોલ જામફઈ વાળી કામધેનુ સોસાયટી સામે ખુલ્લા મેદાનમાં મુકેલ જે ચોરી કરી લઈ જઈ આરોપી નં. ૧ નાએ સદર મશીન ચોરીનુ હોવાની જણવ છતા પોતે નં.૨ પાસેથી ખરીદી કરી એકબીજાની મદદગારી કરી **ઈ.પી કો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ** ગુનો કરેલ છે.

૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

**કારણો**

ફરીયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ તમામ પ્રકારની વ્યાજબી શંકાથી પર પોતાનો કેસ પુરવાર કરવા

માટે પોતાના ઠોસ અને મજબુત વ્યાજબી શંકાથી પર પુરાવા રજુ કરવા જોઈએ. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કોઈજ ઠોસ પુરાવા રજુ કરેલ નથી.

આંક–૦૬ થી સાહેદ સરવેન્દ્ર કુમાર રામદાસ રાઠોડ ને તપાસતા તેઓ જણાવે છે કે,આ કામના ફરીયાદી તેઓના મોટા ભાઈ થાય છે. તેઓ ગામડે રહે છે. તેઓ પહેલા ભાડે રહેતા હતા મશીન ની ચોરી તેઓ પકડી પાડેલી તે મશીન તેઓનુ હતુ. તે મશીન મિશચર મશીન તેઓના ગોડાઉન મા મુકેલ હતુ. ત્યાથી ચોરાઈને લઈ ગયેલા. તે તેઓને તાત્કાલીક કલાકમાં ખબર પડેલી. અને ગોડાઉન મા આવ્યો અને જોયુ તો ખબર પડેલ કે તેઓના મિશ્ચર મશીન ની ચોરી થયેલ છે. ત્યારબાદ તેઓ વિજય ભાઈની દુકાને જઈ ત્યાં જોયું નો તેઓનુ મશીન પડેલ હતુ. તે દુકાન ઓઢવમાં આવેલી છે. તુ દુકાન વિજય ભાઈ ની હતી તેઓ ત્યાં ગયેલ ત્યારે વિજયભાઈ હાજર ના હતા જેથી તેઓ આજુ બાજુ પુછતા પાડોસી ઓએ ફોન કરી વિજયભાઈ ને બોલાવેલ. જેથી તેઓ તેને મશીન અંગે પુછતા કહેલ કોઈ ભાઈ તેઓને વેચીને જતા રહેલ છે. કયાં ભાઈ વેંચીને જતા રહેલા . તે તેઓ મુછેલ નહી .ત્યાર બાદ તેઓ ૧૦૦ નંબર ઉપર ફોન કરી બોલાવેલ જેથી પોલીસ વિજયભાઈ ને પકડી ને લઈ ગયેલ અને મશીન પણ પોલીસ લઈ ગયેલ હોય બન્ને ને પહેલા ઓઢવ પો.સ્ટે લઈ ગયેલો તેઓ વિયભાઈને જોયે ઓડખે છે જે કોર્ટમાં હાજ છે તેજ છે. મશીન ની કિં.રૂ.૮૦,૦૦૦/– હની બનાવની ફરીયાદ તેઓના મોટા ભાઈ એ આપેલી પોલીસે બનાવ અંગે તેઓની પુછ પરછ કરેલી.

ત્યારબાદ બચાવ પક્ષ ધ્વારા તેઓની ઉલટતપાસ કરતા તેઓ કબુલ રાખે છે કે,તેઓ લોડીંગ ટેમ્પો ચલાવે છે તેઓનો ગોડાઉન સી.ટી.એમ. ખાતે આવેલ છે. આ ગોડાઉન રામોલ પો.સ્ટે ની અડધા કિલો મીટરના અં તરે આવેલ છે. આજુ બાજુમાં ફલેટો માકાનો આવેલ છે. ત્યા લોકોની અવર જવર પણ રહે છે. આ મશીન ખેચીને લઈ જવા માટે ઓછામાં ઓછા ચાર માણસોની જરૂર પડે એવુ બનેલ નથી કે તેઓ તેઓની રીક્ષા લઈ ને બહાર ગયેલ હોઈ અને ત્યાં તેઓના મોટા ભાઈ એટલે કે આ કામના ફરીયાદીએ તેઓને ફોન થી પણ કહેલ હોઈ તેવુ બનેલ નથી . પોલીસે તેઓનો કોઈ જવાબ લીધેલ નથી એ વાત ખરી છે કે આ મિશચર મશીન ઉપર કંપનીનુ નામ તથા ચેસીસ નંબર હતો નથી. એ વાત ખરી છે કે આવા પ્રકારના મશીન ધાંબા ભરનાર લેબર કોન્ટ્રાકટર પાસ ે હોઈ છે. એ વાત ખરી છે કે મશીનની ચોરી તેઓને પકડી પાડેલ ને મશીન તેઓને હતુ તે ધાબા ભરવાનુ હતુ તે મશીન તેઓના ગોડાઉન માં મુકેલ હતુ કયાંય જોયેલ નથી. એ વાત ખરી છે કે,વિજયભાઈ ને તેઓ બતાવેલ ઓળખી શકુ નહી.બીજુ તેઓ પોલીસ ને કે તેઓના નિવેદન માં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી તેઓના ભાઈ થતા હોવાથી તેઓ ફરીયાદીને સમથન આપવા ખોટી જુબાની આપે છુ.

આ કામે આંક–૦૭ થી સહેદ કિશોરભાઈ વિશ્વનાથ મરાડી તથા આંક–૦૮ થી રામનાથ પયારેલાલ રાઠોડ નાઓને સોગંદ ઉપર તપાસતા તેઓ આંક–૧૫ થી રજુ ફરીયાદીની હકિકત ને સમર્થન કરતા નથી.તેઓને ફરીયાદ પક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે. બચાવ પક્ષ ધ્વારા લેવાયલી ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે ચોરીના મીકસચર મશીન બાબતે તેઓને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસે માત્ર તેઓનુ નામ સરનામુ પુછેલ તે સિવાય બીજુ કાઈ પુછેલ નહી કે તેઓને કાંઈ લખાવેલ નહી.

આંક–૦૯ થી પંચ સાહેદ સુનીલ ગંગારામ રાઠોડ ને  તથા આંક–૧૨ થી પંચ સાહેદ શ્યામભાઈ કેશવભાઈ બડગુજર  નાઓને સોગંદ ઉપર તપાસતા તેઓ આંક–૧૦ અને આંક–૧૩ થી રજુ પંચનમાની હકિકતે ને સમર્થન કરતા નથી તેઓને ફરીયાદ પક્ષ ધ્વારા ફરી ગયેલ પંચ સાહેદ તરીકે જાહેર કરેલ છે.બચાવ પક્ષ ધ્વારા તેઓની ઉલટતપાસ કરતા તેઓ  કબુલ રાખે છે કે, એ વાત ખરી છે કે પંચનામામાં તેઓની સહી સિવાય બીજુ કાઈ જાણતા નથી.

આંક–૧૪ થી પી.સી નીલેષકુમાર કરશનભાઈ ને સોગંદ ઉપર તપાસતા તેઓ જણાવે છે કે, હું છેલ્લા ત્રણ–ચાર મહીનાથી રામોલ પોસ્ટેમા પીસી તરીકે ફરજ બજાવુ છુ અને બે મહિનાથી કોર્ટમાં એપીપી ઓફીસમા કોર્ટ ડ્યુટી તરીકે મારી ફરજ બજાવુ છુ મારી ફરજમા પોસ્ટેમાથી આવતા ચાર્જશીટ લાવવા તથા સમન્સ વોરટ લાવવા અને લઈ જવા તેમજ એપીપી ઓફીસમા હાજર રહી અસલ પોલીસ પેપર્સ કેસ ચાલે ત્યારે પ્રોસીક્યુશન માટે ફાઈલો કાઢવી અને તેની સાચવણી અને જાળવણી કરવાની હોય છે જેથી ચાર્જશીટમા તથા પંચનામામા પોલીસ કર્મચારી તથા અધીકારીની સહીઓથી અને થતી કામગીરીથી માહીતગાર હોઈએ છીએ મને આક ૧ વાળુ ચાર્જશીટ બતાવતા જે રામોલ પોસ્ટે ગુ.ર.નં.૩૪૫/૧૨ થી કરવામા આવેલ છે. જેમા રામોલ પોલીસ સ્ટેશનનો સીકકો અને અધીકારીની સહી છે. મને આ કામની ફરીયાદ બતાવવામા આવે છે. જેમા રામોલ પો સ્ટેમા આપેલી છે અને જેમા તેની સહી તથા રામોલ પોસ્ટેનો સીકકો છે જે હુ રોજબંરોજની કામગીરીમા તમામ ફાઈલો ચેક કરતા હોઈએ જેથી માંહીતગાર છુ ફરીયાદ રજુ દાખલ આંક–૧૫ આપવામા આવે છે.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાનમા લેવામા આવે તો, આ કામને આંક–૦૬ થી તપાસવામાં આવેલ સાહેદ એ શંકા સ્પદ જુબાની આવેલછે તેમજ આ કામે તપાસવામાં આવેલ સાહેદ તેમજ પંચ સાહેદ  આંક–૧૦ થી રજુ પંચનામુ તેમજ આં ક01/01/2025–૧૫ થી રજુ ફરીયાદ ને સમર્થન કરતા નથી. તેઓ પોતાની ઉલટતપાસમાં જણાવે છે કે તેઓ કઈ જાણતા નથી તેઓએ માત્ર પંચનમામાં સહી કરેલ છે.   આ કામે તપાસવામાં અવોલ સાહેદ તેમજ પંચસાહેદો તેઓ પણ ફરીયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા નથી જેથી તેઓની જુબાની ની સદરહું ફરીયાદીની હકિકત રેકર્ડ પર આવેલ નથી.આ કામ ઘણું જુનુ ૨૦૧૩ ની સાલનુ છે. હાલમાં જુના કેસોનો ભરાવો જોતાં અને વખતો વખતો જુના કેસોનો ઝડપી નિકાલ કરવા માટેની નામદાર ઉચ્ચ–અદાલત ધ્વારા કરેલ ઝુબેશ જોતાં પણ  સદરહું કામ જુનુ હોય અને સાક્ષીઓ મળી આવતા ના હોય બિનજરૂરી લંબાય છે. આરોપીઓને ઈન્સાફી કાર્યવાહી ઝડપી ચલાવવા માટે નો સંવિધાન ધ્વારા અધિકાર પ્રાપ્ત થયેલ છે નામ.ઉચ્ચ અદાલત તથા નામ.સર્વોચ અદાલત ધ્વારા જુના કેસો ઝડપથી ચલાવવા માટે નોટીફીકેશન પણ કરેલ અને વી.સી થી સુચનાઓ પણ આપેલ છે . ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી દ્વારા પણ સદરહું કામે પુરાવાનો હક્ક બંધ કરવા માટે મૌખિક સંમતિ આપેલ છે.આરોપી વિરુદ્ધ અદાલત સમક્ષ રજુ થયેલ પુરાવામાં આરોપીઓએ  ગુનો કરેલ હોય તેવો કોઇ પુરાવો અદાલતનાં રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદપક્ષે રજુ ફરીયાદ અને પંચનામા આંકે  પાડવા બચાવપક્ષે સંમતિ આપેલ છે પરંતું, ફરિયાદી, આ કામના ફરીયાદી મળી આવેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલ સાહેદ ફરીયાદ તેમજ પં ચનામા ની હકીકત ને સમર્થન કરતા નથી જેથી સાહદો તેમજ પંચસાહેદો જુબાનીથી ઉપરોક્ત તમામ દસ્તાવેજોને

પુરવાર કરેલ નથી. જેથી તેઓના મૌખિક પુરાવાના અભાવે ઉપરોક્ત દસ્તાવેજોનાં કન્ટેઇન પુરવાર થયેલ નથી. આમ, ઉપરોકત તમામ હકિકતે આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપી તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે માનવું છે. જેથી આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૨ નાએ તા.૨૫/૧૧/૧૨ ના કલાક ૮/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે ફરીયાદીએ મુકેલ પોતાનુ ધબા ભરતની મીકચર મશીન રામોલ જામફઈ વાળી કામધેનુ સોસાયટી સામે ખુલ્લા મેદાનમાં મુકેલ જે ચોરી કરી લઈ જઈ આરોપી નં. ૧ નાએ સદર મશીન ચોરીનુ હોવાની જણવ છતા પોતે નં.૨ પાસેથી ખરીદી કરી એકબીજાની મદદગારી કરી **ઈ.પી કો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ** સજાને પાત્ર ગુન્હા કરેલા છે કે કેમ ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## '' હુ ક મ ''

(૧) આ કામે આરોપી નં.**2) HIREN @ LALO MANSUKHBHAI VEKARIYA** Address -383, DIAMOND PARK SOCIETY, RATANPARK PASE, UTTAMNAGAR ROADNIKOL ROADODHAV,AHMEDABAD નાઓને તેમની સામેના **ઈ.પી કો. કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ મુજબ** ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ ની કલમ-૨૯૯ સાથે વાંચતા કલમ-૩૫૩ (૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં આ ચુકાદો જાહેર કરવામા આવેલ છે.

મુદામાલ અંગે અગાઉ હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે જો હુકમ થયેલ ન હોય તો મુદમાલ મુદામાલ ના માલીકીની ખરાઈ કરી તેઓને પરત કરવાનો હુકમ કરવામાં અવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા. 01/01/2025.

(વી. આર. ચૌધરી)
૨૨ માં એડી.ચીફ.જયુડિશિયલ મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૧૫.